સત્य मेव जयते

ફોર્મ–એ.

મહે. ૧૬ માં એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની અદાલતમાં, મુ: રાજકોટ.

હુકમ તારીખ ૦૯/૦૪/૨૦૨૬.
ફોજદારી કેસ નં. ૧૮૪૦૫/૨૦૨૪
આંક:– ૨૯

ગુન્હો : નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ – ૧૩૮ મુજબ

ફરીયાદી.	શ્રી રવી પ્રોડકટસ (ભાગીદારી પેઢી) વતી, નારણભાઈ જે. લાલકીયા (ભાગીદાર) ધર્મે: હિન્દુ, ઉ.વ. આ. પુખ્ત ઠે. સર્વે નં.૨૧૧, પ્લોટ નં.૧, રવી પ્રોડકટસ નર્મદા પાઈપ ગેઈટ રોડ, વેરાવળ–શાપર, રાજકોટ.
	ફરીયાદ પક્ષ તર્ફે વિધ્વાન વકીલશ્રી એચ.જે.લાલકીયા
	વિરૂઘ્ધ.
આરોપી	**કોઠારી એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર દરજજે,** **કે.એન.કોઠારી,** મું. દિલ્હી દરવાજા, ૧૨૧/૧૨ છોટાલાલ ચાલી, અમદાવાદ.
	આરોપી પક્ષ તર્ફે વિ. વકીલ શ્રી (એકસપાર્ટી) ઉ.ત. નથી.

ફોર્મ–બી.

ગુનાની તારીખ	૩૧/૦૫/૨૦૨૪
પ્લી ની તારીખ	–––––––
પુરાવાની શરૂઆતની તારીખ	–––––––
હુકમ અનામત રાખ્યાની તારીખ	૨૭/૦૩/૨૦૨૬
હુકમની તારીખ	૦૯/૦૪/૨૦૨૬
સજાના હુકમની તારીખ (જો કોઈ હોય તો)	૦૯/૦૪/૨૦૨૬

આરોપીની વિગતો.

આરોપી નો નંબર	આરોપીનું નામ	ધરપક કર્યાની તારીખ	જામીન મુકત કર્યાની તારીખ	ચાર્જ થયેલ ગુનાઓ	નિર્દોષ કે દોષિત	સજાનો હુકમ	ક્રિ. પ્રો. કો. કલમ–૪૨૮ મુજબ અટકાયત નો સમયગાળો
૧	કે.એન. કોઠારી			નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ – ૧૩૮		છ માસની સાદી કેદની સજા કસુર કરે તો વધુ એક માસની સાદી કેદની સજા	––

ફોર્મ–સી.

ફરીયાદ પક્ષ/ બચાવ પક્ષ / અદાલતના સાક્ષીઓની ચાદી.

(એ) ફરીયાદ પક્ષનાં સાક્ષીઓની યાદી.

ક્રમ	**નામ**	**પુરાવાની વિગત.**
(૧)	નારણભાઈ જાદવભાઈ લાલકીયા	ફરીયાદી

(બી) બચાવ પક્ષનાં સાક્ષીઓની યાદી.

ક્રમ	**નામ**	**પુરાવાની વિગત.**

(સી) અદાલતનાં સાક્ષીઓની યાદી.

ક્રમ	**નામ**	**પુરાવાની વિગત.**

ફરીયાદ પક્ષ/ બચાવ પક્ષ / અદાલતના સાક્ષીઓનાં આંક.

(એ) ફરીયાદ પક્ષનાં સાક્ષીઓના આંક.

ક્રમ	**આંક નંબર**	**પુરાવાની વિગત.**
૧	૦૪	નારણભાઈ જાદવભાઈ લાલકીયા

(બી) બચાવ પક્ષનાં સાક્ષીઓના આંક.

ક્રમ	**આંક નંબર**	**પુરાવાની વિગત.**

(સી) અદાલતનાં સાક્ષીઓના આંક.

ક્રમ	આંક નંબર	પુરાવાની વિગત.

(ડી) મટેરીયલ ઓબ્જેકટ.

ક્રમ	દસ્તાવેજ આંક	પુરાવાની વિગત.
૧	૧૭	ફરીયાદીના આધારકાર્ડની નકલ
૨	૧૮	ઓથોરીટી લેટર
૩	૧૯	ઠરાવ
૪	૨૦	ખાતાનો ઉતારો
૫	૨૧	સેકશન ૬૫(બી) પુરાવા એકટ હેઠળ સર્ટીફીકેટ
૬	૨૨	ચેક ડિપોઝીટ સ્લીપ
૭	૨૩	આરોપીએ આપેલ ચેક નં.૧૮૭૪૪૯
૮	૨૪	બેંક દવારા આપવામાં આવેલ ચેક રીટર્નમેમો
૯	૨૫	આરોપીને એડવોકેટ મારફતે આપવામાં આવેલ લીગલ ડિમાન્ડ નોટિસ
૧૦	૨૬	રજી. એડી. વિન્ડો સ્લીપ
૧૧	૨૭	પોસ્ટખાતાનો ટ્રેક રીપોર્ટ

-:: ચૂ કા દો ::-

૧. ફરીયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરિયાદી દેશમાં પ્રેશર કુકરના ઉત્પાદન અને વેચાણનો વ્યવસાય કરે છે અને આરોપી આરોપી છૂટક વેચાણનો વ્યવસાય કરતો હોવાથી અને લાંબા સમયથી ફરિયાદી સાથે વ્યવસાયિક સંબંધો ધરાવે છે આરોપીની જરૂરિયાત મુજબ, આરોપીએ ફરિયાદીને ક્રેડિટ ધોરણે રૂ. ૫૩,૬૨૬/- (ત્રેપન્ન હજાર છસો છવીસ પુરા) ના પીએફ પ્રેશર કુકર ખરીદવાનો ઓર્ડર આપ્યો હતો. ફરિયાદીએ આરોપીની જરૂરિયાત મુજબ ૧૮-૧૧-૨૦૨૩ ના રોજ ઇન્વોઇસ બનાવીને રૂ. ૫૩,૬૨૬/- ની કિંમતના પ્રેશર કુકરનો ઓર્ડર પૂરો પાડ્યો હતો. તેમજ આરોપીને આપેલ ઉધાર માલના નાણા પરત કરવા

આરોપીએ ફરીયાદીને રૂા. ૫૩,૬૨૬/– અંકે રૂપિયા ત્રેપન્ન હજાર છસો છવીસ પુરાનો પોતાની યુનીયન બેંક ઓફ ઈન્ડીયાનો ચેક નંબર. ૧૮૭૪૪૯, તા.૧૪/૦૩/૨૦૨૪ ના રોજનો ચેક આપી કાયદેસરની લેણી રકમ મળી જશે તેવી ખાત્રી અને વિશ્વાસ આપેલ. ફરીયાદીએ ચેક નં.૧૮૭૪૪૯ પોતાની બેન્કમાં રજુ કરતા તા: ૩૧/૦૫/૨૦૨૪ ના રોજ ''ફંડસ ઈન્સફીસીયન્ટ'' ના શેરા સાથે વગર વસુલે પરત ફરેલ છે. જેથી વકીલ મારફત રજી. એડી. થી લીગલ ડીમાન્ડ નોટીસ તા: ૧૯/૦૬/૨૦૨૪ના રોજ આરોપીને મોકલેલ અને દિન–૧૫ માં લેણી રકમ ચુકવવાનું જણાવેલ જે નોટીસ આરોપીને મળી ગયેલ. સદર નોટીસની ધોરણસરની બજવણી આરોપીના સરનામે થઈ ગયેલ છે, છતા આરોપીએ નોટીસની વિગતે અમલ કરેલ નથી કે, નોટીસનો જવાબ આપેલ નથી કે, તેમની રકમ પરત ચુકવવા કોઈપણ જાતની દરકાર કરેલ નથી. જેથી ફરીયાદીએ હાલની ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ– ૧૩૮ મુજબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

૨. સદર ફરીયાદ લગત ફરીયાદીનું વેરીફીકેશન નોંધી આરોપી વિરુધ્ધ સમન્સ કાઢવાનો હુકમ કરેલ.

૩. આરોપીને નેગો ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ના ગુના અંગેનો સમન્સ/નોટિસ ધોરણસર બજવણી થઈ ગયેલ હોવા છતાં આરોપીએ હાજર થઈ ફરીયાદીની ઉલટતપાસ કરવા કે બચાવ કરવા મુદતની માંગણી કરેલ નથી. જેથી આંક–૧ લગત તા. ૨૦/૧૨/૨૦૧૨ના રોજ હુકમ કરી આરોપીની ઉલટતપાસનો હકક બંધ

કરેલ છે અને કામ આગળ ચલાવવામાં આવેલ છે.

૪. ફરીયાદપક્ષે પુરાવો પુરો થતાં આરોપીએ હાજર રહી સી.આર.પી. સી.ક.–૩૧૩ મુજબ ફરીયાદીના પુરાવાનો જવાબ આપેલ નથી અને આરોપીએ પોતાનો હકક જતો કરેલ છે.

૫. ઉપરોકત પુરાવાઓને આધારે મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરિયાદી દેશમાં પ્રેશર કુકરના ઉત્પાદન અને વેચાણનો વ્યવસાય કરે છે અને આરોપી આરોપી છૂટક વેચાણનો વ્યવસાય કરતો હોવાથી અને લાંબા સમયથી ફરિયાદી સાથે વ્યવસાયિક સંબંધો ધરાવે છે આરોપીની જરૂરિયાત મુજબ, આરોપીએ ફરિયાદીને ક્રેડિટ ધોરણે રૂ. ૫૩,૬૨૬/– (ત્રેપન્ન હજાર છસો છવીસ પુરા) ના પીએફ પ્રેશર કુકર ખરીદવાનો ઓર્ડર આપ્યો હતો. ફરિયાદીએ આરોપીની જરૂરિયાત મુજબ ૧૮–૧૧–૨૦૨૩ ના રોજ ઇન્વોઇસ બનાવીને રૂ. ૫૩,૬૨૬/– ની કિંમતના પ્રેશર કુકરનો ઓર્ડર પૂરો પાડ્યો હતો. તેમજ આરોપીને આપેલ ઉધાર માલના નાણા પરત કરવા આરોપીએ ફરીયાદીને રૂા. ૫૩,૬૨૬/– અંકે રૂપિયા ત્રેપન્ન હજાર છસો છવીસ પુરાનો પોતાની યુનીયન બેંક ઓફ ઈન્ડીયાનો ચેક નંબર. ૧૮૭૪૪૯, તા.૧૪/૦૩/૨૦૨૪ ના રોજનો ચેક આપી કાયદેસરની લેણી રકમ મળી જશે તેવી ખાત્રી અને વિશ્વાસ આપેલ. ફરીયાદીએ ચેક નં.૧૮૭૪૪૯ પોતાની બેન્કમાં રજુ કરતા તા: ૩૧/૦૫/૨૦૨૪ ના રોજ ''ફંડસ ઈન્સફીસીયન્ટ'' ના શેરા સાથે વગર વસુલે પરત ફરેલ છે. જેથી વકીલ મારફત રજી. એડી. થી લીગલ ડીમાન્ડ નોટીસ તા: ૧૯/૦૬/૨૦૨૪ના રોજ આરોપીને મોકલેલ

અને દિન–૧૫ માં લેણી રકમ ચુકવવાનું જણાવેલ જે નોટીસ આરોપીને મળી ગયેલ. નોટીસની ધોરણસરની બજવણી આરોપીના સરનામે થઈ ગયેલ છે, છતા આરોપીએ નોટીસની વિગતે અમલ કરેલ નથી કે, નોટીસનો જવાબ આપેલ નથી કે, તેમની રકમ પરત ચુકવવા કોઈપણ જાતની દરકાર કરેલ નથી. જેથી ફરીયાદીએ હાલની ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ– ૧૩૮ મુજબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

૨. શું હુકમ ?

૬. ઉપરોકત મુદાનાં મારા નિર્ણયો નીચેમુજબ છે.

૧. હકારમા,

૨. આખરી હુકમ મુજબ.

૭. ફરીયાદી તરફે તેઓના વિ.વ.શ્રી દલીલ કરતા જણાવે છે કે, આ કામના ફરિયાદી દેશમાં પ્રેશર કુકરના ઉત્પાદન અને વેચાણનો વ્યવસાય કરે છે અને આરોપી આરોપી છૂટક વેચાણનો વ્યવસાય કરતો હોવાથી અને લાંબા સમયથી ફરિયાદી સાથે વ્યવસાયિક સંબંધો ધરાવે છે આરોપીની જરૂરિયાત મુજબ, આરોપીએ ફરિયાદીને ક્રેડિટ ધોરણે રૂ. ૫૩,૬૨૬/– (ત્રેપન્ન હજાર છસો છવીસ પુરા) ના પીએફ પ્રેશર કુકર ખરીદવાનો ઓર્ડર આપ્યો હતો. ફરિયાદીએ આરોપીની જરૂરિયાત મુજબ ૧૮–૧૧–૨૦૨૩ ના રોજ ઇન્વોઇસ બનાવીને રૂ. ૫૩,૬૨૬/– ની કિંમતના પ્રેશર કુકરનો ઓર્ડર પૂરો પાડ્યો હતો. તેમજ આરોપીને આપેલ ઉધાર માલના નાણા પરત કરવા આરોપીએ ફરીયાદીને રૂા. ૫૩,૬૨૬/– અંકે રૂપિયા ત્રેપન્ન હજાર છસો છવીસ પુરાનો પોતાની યુનીયન બેંક ઓફ ઈન્ડીયાનો ચેક નંબર.

૧૮૭૪૪૯, તા.૧૪/૦૩/૨૦૨૪ ના રોજનો ચેક આપી કાયદેસરની લેણી રકમ મળી જશે તેવી ખાત્રી અને વિશ્વાસ આપેલ. ફરીયાદીએ ચેક નં.૧૮૭૪૪૯ પોતાની બેન્કમાં રજુ કરતા તા: ૩૧/૦૫/૨૦૨૪ ના રોજ ''ફંડસ ઈન્સફીસીયન્ટ'' ના શેરા સાથે વગર વસુલે પરત ફરેલ છે. જેથી વકીલ મારફત રજી. એડી. થી લીગલ ડીમાન્ડ નોટીસ તા: ૧૯/૦૬/૨૦૨૪ના રોજ આરોપીને મોકલેલ અને દિન–૧૫ માં લેણી રકમ ચુકવવાનું જણાવેલ જે નોટીસ આરોપીને મળી ગયેલ. નોટીસની ધોરણસરની બજવણી આરોપીના સરનામે થઈ ગયેલ છે, છતા આરોપીએ નોટીસની વિગતે અમલ કરેલ નથી કે, નોટીસનો જવાબ આપેલ નથી કે, તેમની રકમ પરત ચુકવવા કોઈપણ જાતની દરકાર કરેલ નથી. જેથી ફરીયાદીએ હાલની ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ– ૧૩૮ મુજબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે.

સદર કામે આરોપીને અવાર–નવાર પુરતી તક આપવા છતાં આરોપી દર મુદતે નિયમીત હાજર રહેલ નથી પરંતુ એફ.એસ. ના સ્ટેજે ગેરહાજર રહેલ છે. તેમજ ફરીયાદપક્ષની દલીલ બાદ આરોપી તરફે દલીલ ન કરતા કે મુદતની અરજી ન આપતા આરોપીને તક હોવા છતાં દલીલ ન કરતા દલીલનો હકક આંક–૧ ઉપર હુકમ કરી બંધ કરવામાં આવેલ છે.

:: કા ર ણો ::

૮. સદરકામે રજુ થયેલ પુરાવાની ચર્ચા કરતા પહેલાં કાયદાકીય હકીકત જોઈએ તો ફરીયાદપક્ષે **ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ – ૧૩૮** મુજબનો ગુનો પુરવાર કરવા માટે નીચે મુજબની હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

૧. ચેક આરોપીએ પોતાની કાયદેસરની જવાબદારીના લેણા પેટે આપ્યો હોવો જોઈએ.

૨. ડીસ ઓનર થયેલ ચેક લખ્યા તારીખથી ત્રણ માસની અંદર આરોપીની બેન્કમાં રજુ થયેલ હોવો જોઈએ.

૩. ફરીયાદીની બેંક (કલીયરીંગ બેન્ક) તરફથી ચેકની બિન–ચુકવણી થયાના ૩૦ દિવસમાં (હોલ્ડર ઈન ડયુ કોર્સ) યથાનુક્રમે ધારણ કરનાર કોઈ અગર તો પેયીએ ચેકના ડ્રોઅર (આરોપી)ને ચેક મુજબની રકમની ચુકવણી કરવા માટે ડીમાન્ડ નોટીસ આપવી જોઈએ અને ડીમાન્ડ નોટીસમાં ચુકવણી માટે દિન–૧૫ નો સમય આપવો જોઈએ.

૪. ચેક લખનારે (આરોપીએ) નોટીસ મળ્યા તારીખ બાદના ૧૫ દિવસમાં ચેક મુજબની રકમની ચુકવણી કરવામાં કોઈને (ચેક લખનાર) નિષ્ફળ ગયેલ હોવા જોઈએ.

૫. ડીમાન્ડ નોટીસની ચુકવણી કરવાના ૧૫ દિવસનો સમય પૂર્ણ થયાના પછીના એક માસમાં યોગ્ય હકુમત ધરાવતી અદાલતમાં ફરીયાદીએ ફરીયાદ દાખલ કરેલ હોવી જોઈએ.

૬. જયાં સુધી વિરુધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી ડ્રોયીએ ચેક તેના કાયદેસરના લેણા પેટે મેળવેલ હતો તેવું અનુમાન કરવામાં આવશે.

૯. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેવામાં આવે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ અનુસાર વિરુધ્ધની હકીકત સ્થાપિત થાય તે સિવાય

ચેકના ધારકને મળેલો ચેક સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આપેલ છે તેવું અનુમાન કરવામાં આવશે. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટમાં રહેલ વૈધાનિક અનુમાનોનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે. આરોપીએ તેમના રહેલો આવો ખંડનાત્મક પુરાવો રજુ કરવાનો બોજો કે જવાબદારી સુચક અને સંતોષકારક પુરાવાઓથી સ્થાપિત કરી પુરાવાનો બોજો ફરીથી ફરીયાદી ઉપર સ્થળાંતર કરવાનો હોય છે.

૧૦. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ કલમ–૧૧૮(એ) અનુસાર વૈધાનિક અનુમાન થાય છે કે, જયારે કોઈ પક્ષકારોની તરફેણમાં ચેક લખી આપવામાં આવે તે ચેક અવેજના બદલામાં આપવામાં આવેલ છે. આ અનુમાનનું ખંડન કરવા અંગે સાબિતીનો બોજો ચેક લખી આપનાર વ્યકિત, અવેજનો ઈન્કાર કરનાર ઉપર સાબિતીનો બોજો રહેલો છે. આવા ઈન્કારની ગેરહાજરીમાં એવું કહી શકાય નહીં કે ચેક અવેજ વગરનો હતો. **નામદાર સુપ્રિમકોર્ટના એ.આઈ.આર.– ૨૦૧૦ સુપ્રિમ કોર્ટ, પાના નં.–૧૯૯૮માં પ્રસિધ્ધ થયેલ રંગપ્પા વિરુધ્ધ મોહન** નો ચુકાદો વંચાણે લેતા સદરહું ચુકાદામાં નામદાર સુપ્રિમકોર્ટ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના આવશ્યક તત્વો ધ્યાને લેવા જોઈએ. ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબની કાયદાકીય અનુમાનનું ખંડન આરોપી દવારા કરવામાં આવેલ છે કે કેમ? સદરહું ચુકાદાના પેરા–૧૨માં નામદાર સુપ્રિમકોર્ટે આરોપી અવેજ અસ્તિત્વમાં ન હોવા અંગે અથવા શંકા હોવા અથવા તો ગેરકાયદેસર હોવા અંગે પુરાવાથી બતાવી શકે તેવા સંજોગોમાં ફરીયાદી ઉપર પુરાવાના

બોજાનું સ્થળાંતર થાય છે. પરંતુ માત્ર આવો અવેજ ન હોવા અંગે માત્ર નકાર કરવાથી બચાવ ગણી શકાય નહીં. આરોપીએ આવું રેકર્ડ ઉપર લાવવું જોઈએ કે જે માની શકાય તેવું હોય તો જ પુરાવાના બોજાનું સ્થળાંતર ફરીયાદી તરફે થાય. વધુમાં ઉપરોકત ચુકાદાના પેરા–૧૪ માં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની છણાવટ કરી આ કલમ હેઠળ કાયદાકીય અનુમાન કાયદેસર વસુલ આવી શકે તેવા દેવા અથવા જવાબદારી અસ્તિત્વ સાથે અનુમાન કરવાનું છે. પરંતુ કાયદેસરની જવાબદારી હોવા અંગેનું અનુમાન થઈ શકે નહીં તેવો ક્રિષ્ણા જનાર્દન ભટ વિરુધ્ધ દતાત્રેય હેગડેના ચુકાદામાં લીધેલ વ્યુહ યોગ્ય ન હોવાનું નામદાર સુપ્રિમકોર્ટે રંગપ્પા વિરુધ્ધ મોહનના ચુકાદામાં ઠરાવેલ છે.

૧૧. ઉપરોકત બંન્ને ચુકાદા વંચાણે લતા નામદાર સુપ્રિમકોર્ટે રંગપ્પાના ચુકાદામાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯, ૧૧૮(એ) ની છણાવટ કરી, જો ચેક આપવામાં આવેલ હોય તે આવો ચેક અવેજ પેટે આપવામાં આવેલ છે તેવું અનુમાન તથા ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ વંચાણે લેતા આરોપીએ ચેક લખી આપેલ તે કાયદેસર વસુલ આવી શકે તેવા દેવા અંગે આપેલ તેવું ફરીયાદીની તરફેણમાં અનુમાન કરવું જોઈએ. જયારે ફરિયાદી પોતાના પુરાવામાં આરોપીએ ચેક લખી આપ્યાની હકીકત સાબીત કરે. પરંતુ આરોપીએ કાયદેસરના દેવાની જવાબદારી અદા કરવા માટે ચેક આપેલ નથી તેવા બચાવમાં ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી '' પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોએબીલીટી'' યાને કે ખંડનાત્મક પુરાવાનો બોજો સંભવિતતાની

શકયતા મુજબ આરોપીના શીરે રહે છે. નામદાર કોર્ટોના ચુકાદાથી પ્રસ્થાપિત થયેલ છે. સંભવિત બચાવ પુરવાર કરવા માટે આરોપીને વીટનેશ બોક્ષમાં જુબાની આપવી જરુરી નથી પરંતુ રેકર્ડ ઉપર જે પુરાવા રજુ કરવામાં આવેલ હોય તે ઉપરથી સંભવિત બચાવ માનવા જરુરી છે તેવી હકીકત સાબીત કરવી જોઈએ. ફરીયાદીએ પોતાના કેસની હકીકત નિ:શંકપણે સાબીત કરવી જોઈએ. તેજ રીતે, ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ આવો બચાવ નિ:શંકપણે પુરવાર કરવાનું રહેતું નથી. પરંતુ નામદાર ઉચ્ચ કોર્ટે પ્રસિધ્ધ કરેલ સિધ્ધાંત મુજબ અનુમાનનું ખંડન સંભવિતતાની શકયતા મુજબ સાબિતીનો બોજો પક્ષકારો ઉપર ફેરબદલ થતો રહે છે.

૧૨. ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૧૮(એ) અનુસાર વૈધાનિક અનુમાન થાય છે કે, જયારે કોઈપણ પક્ષકારની તરફેણમાં ચેક આપવામાં આવે ત્યારે ચેક અવેજના બદલામાં આપવામાં આવે છે. આ અનુમાનનું ખંડન કરવા અંગે સાબિતીનો બોજો, ઈન્કાર કરનાર–ચેક લખનાર ઉપર રહેલો છે. આવા ઈન્કારની ગેરહાજરીમાં એવું કહી શકાય નહીં કે, ચેક અવેજ વગરનો હતો.

૧૩. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૯ વંચાણે લેતા ચેકના ધારકને આપેલ ચેક અંશત: કે સંપૂર્ણ દેવા અથવા અન્ય જવાબદારી અદાયગી કરવા માટે આપવામાં આવેલ છે તેવું અનુમાન કરવામાં આવેલ છે. ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટમાં વૈધાનિક

અનુમાનનું ખંડન કરવાનો બોજો આરોપી ઉપર રહેલો છે.

૧૪. સદરકામે ફરીયાદી નારણભાઈ જાદવભાઈ લાલકીયાનાઓનું આંક–૪ થી સરતપાસનું સોગંદનામુ રજુ રાખેલ છે. જેમાં તેઓએ અરજીની હકીકતને સમર્થીત હકીકત જણાવેલ છે. તેમ છતા તેની ટૂંક હકીકત જોઈએ તો, આ કામના ફરિયાદી દેશમાં પ્રેશર કુકરના ઉત્પાદન અને વેચાણનો વ્યવસાય કરે છે અને આરોપી આરોપી છૂટક વેચાણનો વ્યવસાય કરતો હોવાથી અને લાંબા સમયથી ફરિયાદી સાથે વ્યવસાયિક સંબંધો ધરાવે છે આરોપીની જરૂરિયાત મુજબ, આરોપીએ ફરિયાદીને ક્રેડિટ ધોરણે રૂ. ૫૩,૬૨૬/– (ત્રેપન્ન હજાર છસો છવીસ પુરા) ના પીએફ પ્રેશર કુકર ખરીદવાનો ઓર્ડર આપ્યો હતો. ફરિયાદીએ આરોપીની જરૂરિયાત મુજબ ૧૮–૧૧–૨૦૨૩ ના રોજ ઇન્વોઇસ બનાવીને રૂ. ૫૩,૬૨૬/– ની કિંમતના પ્રેશર કુકરનો ઓર્ડર પૂરો પાડ્યો હતો. તેમજ આરોપીને આપેલ ઉધાર માલના નાણા પરત કરવા આરોપીએ ફરીયાદીને રૂા. ૫૩,૬૨૬/–અંકે રૂપિયા ત્રેપન્ન હજાર છસો છવીસ પુરાનો પોતાની યુનીયન બેંક ઓફ ઈન્ડીયાનો ચેક નંબર. ૧૮૭૪૪૯, તા.૧૪/૦૩/૨૦૨૪ ના રોજનો ચેક આપી કાયદેસરની લેણી રકમ મળી જશે તેવી ખાત્રી અને વિશ્વાસ આપેલ. ફરીયાદીએ ચેક નં.૧૮૭૪૪૯ પોતાની બેન્કમાં રજુ કરતા તા:૩૧/૦૫/૨૦૨૪ ના રોજ ''ફંડસ ઈન્સફીસીયન્ટ'' ના શેરા સાથે વગર વસુલે પરત ફરેલ છે. જેથી વકીલ મારફત રજી. એડી. થી લીગલ ડીમાન્ડ નોટીસ તા: ૧૯/૦૬/૨૦૨૪ના રોજ આરોપીને મોકલેલ અને દિન–૧૫ માં લેણી રકમ ચુકવવાનું જણાવેલ જે નોટીસ આરોપીને મળી ગયેલ. નોટીસની ધોરણસરની બજવણી આરોપીના સરનામે થઈ ગયેલ છે, છતા આરોપીએ નોટીસની

વિગતે અમલ કરેલ નથી કે, નોટીસનો જવાબ આપેલ નથી કે, તેમની રકમ પરત ચુકવવા કોઈપણ જાતની દરકાર કરેલ નથી. જેથી ફરીયાદીએ હાલની ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ– ૧૩૮ મુજબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. સમય મર્યાદામાં રકમ પરત ન કરતા લેણી રકમ વસુલ મેળવવા હાલની ફરીયાદ કરેલ છે. આંક–૧૭થી ફરીયાદીના આધારકાર્ડની નકલ, આંક–૧૮થી ઓથોરીટી લેટર, આંક–૧૯થી ઠરાવ, આંક–૨૦થી ખાતાનો ઉતારો, આંક–૨૧થી સેકશન ૬૫(બી) પુરાવા એકટ નીચે સર્ટીફીકેટ, આંક–૨૨થી ચેક ડિપોઝીટ સ્લીપ, આંક–૨૩થી આરોપીએ ફરીયાદીને આપેલ ચેક નં.૧૮૭૪૪૯, આંક–૨૪થી બેંક દવારા ફરીયાદીને આપેલ ચેકનો રીર્ટન મેમો, આંક–૨૫થી ફરીયાદીએ આરોપીને એડવોકેટ મારફતે આપેલ નોટિસ, આંક–૨૬થી રજી. એડી.ની વિન્ડો સ્લીપ, આંક–૨૭થી પોસ્ટખાતાનો ટ્રેક રીપોર્ટ રજુ રાખેલ છે.

૧૫. આમ,ઉપરોકત ચર્ચા કર્યા મુજબ કાયદાની જોગવાઈ અને રેકર્ડ ઉપરના પુરાવાની ચર્ચા કરવામાં આવે તો સદરકામે ફરીયાદીએ આંક–૪ થી સરતપાસનું સોગંદનામુ રજુ રાખેલ છે. જેમાં તેઓએ અરજીની હકીકતને સમર્થીત હકીકત જણાવેલ છે. તેમ છતા તેની ટૂંક હકીકત જોઈએ તો, આ કામના ફરિયાદી દેશમાં પ્રેશર કુકરના ઉત્પાદન અને વેચાણનો વ્યવસાય કરે છે અને આરોપી આરોપી છૂટક વેચાણનો વ્યવસાય કરતો હોવાથી અને લાંબા સમયથી ફરિયાદી સાથે વ્યવસાચિક સંબંધો ધરાવે છે આરોપીની જરૂરિયાત મુજબ, આરોપીએ ફરિયાદીને ક્રેડિટ ધોરણે રૂ. ૫૩,૬૨૬/– (ત્રેપન્ન હજાર છસો છવીસ પુરા) ના પીએફ પ્રેશર કુકર ખરીદવાનો ઓર્ડર આપ્યો

હતો. ફરિયાદીએ આરોપીની જરૂરિયાત મુજબ ૧૮–૧૧–૨૦૨૩ ના રોજ ઇન્વોઇસ બનાવીને રૂ. ૫૩,૬૨૬/– ની કિંમતના પ્રેશર કુકરનો ઓર્ડર પૂરો પાડ્યો હતો. તેમજ આરોપીને આપેલ ઉધાર માલના નાણા પરત કરવા આરોપીએ ફરીયાદીને રૂા. ૫૩,૬૨૬/– અંકે રૂપિયા ત્રેપન્ન હજાર છસો છવીસ પુરાનો પોતાની યુનીયન બેંક ઓફ ઈન્ડીયાનો ચેક નંબર.૧૮૭૪૪૯, તા.૧૪/૦૩/૨૦૨૪ ના રોજનો ચેક આપી કાયદેસરની લેણી રકમ મળી જશે તેવી ખાત્રી અને વિશ્વાસ આપેલ. ફરીયાદીએ ચેક નં.૧૮૭૪૪૯ પોતાની બેન્કમાં રજુ કરતા તા:૩૧/૦૫/૨૦૨૪ ના રોજ ''ફંડસ ઈન્સફીસીયન્ટ'' ના શેરા સાથે વગર વસુલે પરત ફરેલ છે. જેથી વકીલ મારફત રજી. એડી. થી લીગલ ડીમાન્ડ નોટીસ તા: ૧૯/૦૬/૨૦૨૪ના રોજ આરોપીને મોકલેલ અને દિન–૧૫ માં લેણી રકમ ચુકવવાનું જણાવેલ જે નોટીસ આરોપીને મળી ગયેલ. નોટીસની ધોરણસરની બજવણી આરોપીના સરનામે થઈ ગયેલ છે, છતા આરોપીએ નોટીસની વિગતે અમલ કરેલ નથી કે, નોટીસનો જવાબ આપેલ નથી કે, તેમની રકમ પરત ચુકવવા કોઈપણ જાતની દરકાર કરેલ નથી. જેથી ફરીયાદીએ હાલની ધી નેગો. ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ મુજબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે. બચાવપક્ષે ફરીયાદીની જુબાનીની કોઈ ઉલટ કરવામાં આવેલ નથી એટલે કે ફરીયાદીની ફરીયાદ હકીકત તથા પુરાવાની હકીકતનુ કોઈ ખંડન કરવામાં આવેલ નથી. એટલે કે આરોપીએ ફરીયાદી પાસેથી લીધેલ હાથઉછીની રકમ **રૂા. ૫૩,૬૨૬/–** મેળવેલ નથી કે તે લેણા પેટે ચેક આપેલ નથી કે ચેકનો ગેરઉપયોગ કરવામાં આવેલ છે તેવી કોઈ હકીકત આરોપી પુરાવાથી બતાવી ખંડન કરી શકેલ નથી. ત્યારે ફરીયાદી દવારા રજુ

અંક–૧૭ થી ૨૭ ના પુરાવાઓને ન માનવાને કોઈ કારણ નથી.

૧૬. હવે પુરાવાનુ મુલ્યાંકન કરવા અંગે જોવામાં આવે તો, નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા નીચે પ્રમાણેના સિધ્ધાંતો સ્થાપિત કરવામાં આવેલ છે. ફરીયાદીએ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે. ફરીયાદીએ મુદા માહેની જે હકીકતો જણાવેલ છે તે ખરી અથવા યથાર્થ હોવા બાબતે શંકા ઉભી થાય છે કે કેમ તે બાબત અદાલતે તપાસવાની રહે છે. આરોપીએ પોતાનો બચાવ સંભાવનાઓની પ્રબળતા ધ્વારા પુરવાર કરવાનો રહે છે. આ હેતુ માટે આરોપીએ સાહેદ તરીકે જુબાની આપવાની કે સાહેદ તપાસવાની જરૂર નથી. આ માટે ફરીયાદી તરફે જે પુરાવો રજુ થયેલ હોય તેમજ રેકર્ડ પરના સંજોગોના આધારે આરોપી પોતાનો બચાવ સંભવિત અને માની શકાય તેવો બચાવ છે તેવુ બતાવી શકે છે. આરોપીએ પોતાનો બચાવ ફરીયાદીની જેમ નિ:શંકપણે પુરવાર કરવાનો હોતો નથી. શંકાનો લાભ હંમેશા આરોપીને જ મળે છે. નેગો. ઈસ્ટ્રુમેન્ટ એકટની કલમ –૧૩૮ હેઠળનો ગુનો બને છે. (રજનીશ અગરવાલ વિ.અમાત ભલ્લા)જે કેસમાં અનુમાન કરવાનો હકીકતોનો આધાર સ્થાપિત કરવામાં આવેલ હોય તેવા દરેક કેસમાં અનુમાન કરવાની અદાલતની ફરજ છે. અનુમાનો પુરાવાના નિયમો છે અને તે નિર્દોષતાના અનુમાનના સંઘર્ષમાં આવતા નથી. આરોપી ધ્વારા આવા અનુમાનોનુ અનુમાન કરવામાં હકીકતના બિન અસ્તિત્વની સંભાવના બતાવીને ખંડન કરી શકે છે. (હિતેન પી.દલાલ વિ.બ્રતીન્દ્રનાથ બેનરજી) ચેક કોઈ દેવા કે જવાબદારી માટે ઈસ્યુ કરવામાં આવેલ ન હતો. તેવુ પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર છે. આરોપીએ આપેલ જવાબમાં

જે ઈન્કાર કરેલ હોય આવો બોજો ફરીયાદી તરફે ખસેડવા માટે પુરતો નથી. આરોપીએ આ હકીકત ટ્રાયલ દરમ્યાન સબળ પુરાવો આપીને પુરવાર કરવાનો રહે છે. (કે.એન. બીના વિ. મુનયાપ્પન) સામાન્ય રીતે ચેક રીર્ટનના કેસોમાં અદાલતોએ એ વિચારણામાં લેવાનુ રહે છે કે, કાયદાની કલમ–૧૩૮માં જણાવવામાં ગુનાના તત્વો સંતોષય છે કે કેમ? અને જો તેમ હોય તો કાયદાની કલમ–૧૩૯ માં જણાવવામાં આવેલ કાનૂની અનુમાનનુ આરોપી ખંડન કરી શકેલ છે કે કેમ? (રંગપ્પા વિ.શ્રી મોહન ક્રિ. અપીલનં.૧૦૨૦/૨૦૧૦ ડી/ તા.૭/૫/૨૦૧૦– પેરા ૯) ક્રિ. પ્રો.કો.ની કલમ–૩૧૩ મુજબનુ આરોપીનુ નિવેદન જેટલે અંશે ફરીયાદપક્ષના કેસને મદદ કરતુ હોય તેટલા અંશે આરોપીની વિરુધ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય પરંતુ સામાન્ય રીતે તેને તકસીરવાન ઠરાવવાનો પાયો બનાવી ન શકાય (2012 Cri.Law Reporter S.C.298 Brajendrasihgh v/s state of M.P.Cri. Appeal. 113-114/2010D/D 28/2/2012)

૧૭. આ કામે ફરીયાદપક્ષ દવારા જે દસ્તાવેજી પુરાવો અને મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ વાળો ચેક આરોપી જે બેંકમાં પોતાનુ ખાતુ નિભાવતા હતા તે તેનો જ ચેક છે. મુળ ફરીયાદી દવારા આરોપીને **રૂા. ૫૩,૬૨૬/–** હાથ ઉછીના આપેલ ત્યારબાદ આરોપીએ ફરીયાદીને **રૂા. ૫૩,૬૨૬/–** નો ચેક આપેલ હતો. આ હકીકતનું ખંડન કરવા માટે આરોપી દવારા કોઈ પુરાવો રજુ રાખેલ નથી કે ચેકમાંની સહી તેઓની નથી અથવા સહી વાળા ચેક ખોવાયેલ હતા તેવી હકીકત બતાવવામાં આરોપી સફળ થયેલ નથી. એટલે કે આરોપી પોતાનો બચાવ ઠોસ પુરાવાથી

કે જેને માની શકાય તેવા પુરાવાથી બતાવવામાં નિષ્ફળ રહેલ છે. ત્યારે **ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવામાંથી એવી સ્પષ્ટ હકીકત પુરવાર થયેલ છે કે, આ કામના આરોપીએ ફરીયાદવાળો આંક–૨૩ નો ચેક લેણી રકમ પેટે આપવામાં આવેલ છે. સ્પષ્ટતા ખાતર એ નોંધવુ જરુરી છે કે, આરોપીનો એવો બચાવ કે પુરાવો નથી કે જેનાથી એવુ માની કે સ્વીકારી શકાય કે, આંક–૨૩ વાળો ચેક આરોપી જે ખાતુ નિભાવતા હતા તે ખાતાનો નથી. અત્રે એ પણ નોંધવુ જરુરી છે કે, આરોપી દવારા એવો બચાવ કે પુરાવો રજુ કરવામાં આવેલ નથી કે આંક–૨૩ વાળા તકરારી ચેકમાં આરોપીની સહી નથી.** તેની સામે આરોપી પક્ષે ફરીયાદીની કોઈ ઉલટ કરવામાં આવેલ નથી. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ક.– ૧૧૮, ૧૩૮, ૧૩૯ ના જે અનુમાન ફરીયાદપક્ષ તરફેણમાં છે તે અનુમાનને ખંડન કરતો લેશમત્ર પુરાવો આરોપી દવારા રજુ કરવામાં આવેલ નથી. આથી આંક–૨૩ વાળો તકરારી ચેક આ કામના આરોપીએ મુળ ફરીયાદીને કાયદેસરના લેણા અને જવાબદારી ચુકવવા માટે ફરીયાદીએ કરેલ આક્ષેપ મુજબ આપેલ હતો તેમ ન માનવા માટે આ અદાલત પાસે કોઈ કારણ નથી. આમ આ કામે ફરીયાદી દવારા પોતાની સોગંદપરની જુબાનીમાં જે હકીકત જણાવેલ છે તે હકીકતનું ખંડન આરોપી દવારા ઠોસ પુરાવાથી કરવામાં આવેલ નથી.

૧૮. આ કામે ફરીયાદીએ પોતાની સોગંદપરની જુબાનીમાં એવી સ્પષ્ટ હકીકત જણાવેલ છે કે, તા.૧૪/૦૩/૨૪ ના તારીખ વાળો આરોપીના ખાતાનો ચેક આરોપીના કહેવા મુજબ મુળ ફરીયાદી

દવારા ચેકમાંના રકમની વસુલી મેળવવા તેમની બેંકમાં રજુ કરવામાં આવેલ હતો. જે ચેક આરોપીના ખાતામાં " ફંડ ઈનસફીસીયન્ટ " તેવા શેરા સાથે પરત આપેલ છે. આ હકીકત આંક–૨૩ ના ચેક, આંક–૨૪ ના રીટર્ન મેમા ઉપરથી પણ પુરવાર થયેલ છે. આમ નિયત સમય મર્યાદાની અંદર ફરીયાદી દવારા ચેક બેંકમાં કાયદેસરના લેણા વસુલ મેળવવા રજુ કરવામાં આવેલ છે. જે ચેક "ફંડ ઈનસફીસીયન્ટ" પરત ફરેલ જેની જાણ મુળ ફરીયાદીને થતા ફરીયાદી દવારા તા: ૧૯/૦૬/૨૦૨૪નાં રોજ આરોપીને નોટીસ આપેલ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ક.–૧૩૮ ની જોગવાઈ મુજબ નિયત સમય મર્યાદામાં નોટીસ આપવામાં આવેલ છે. જે નોટીસ આરોપીને બજી ગયેલ છે, તેમ છતા આરોપી દવારા સમય મર્યાદામાં ચેકના નાણાં ફરીયાદીને ન ચુકવી આપતા ફરીયાદીને હાલની ફરીયાદ સમય મર્યાદામાં અદાલતમાં લેખીતમાં દાખલ કરેલ છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ક.–૧૩૮માં જે સમય મર્યાદા નકકી કરવામાં આવેલ છે તે નિયત સમય મર્યાદામાં ફરીયાદી દવારા તમામ કાર્યવાહી કરવામાં આવેલ છે. <u>વધુમા નિયત સમય મર્યાદામાં ફરીયાદી દવારા કાર્યવાહી કરવામાં આવેલ નથી તેવો ન તો આરોપીનો બચાવ છે કે ન તો આરોપી દવારા પુરાવો રજુ કરવામાં આવેલ છે, તેવી હકીકત આ કામમાં રજુ થયેલ નથી, પુરાવામાંથી પણ પુરવાર થતી નથી.</u> તેવા સંજોગોમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ક.–૧૩૮ ની જોગવાઈનું સ્પષ્ટપણે પાલન થયેલ હોવાનું આ અદાલતનું માનવુ છે.

૧૯. આ કામે ફરીયાદીએ પોતે આંક–૪ થી અદાલત રુબરુ

સોગંદપર પુરાવો આપેલ છે અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. જે દસ્તાવેજી પુરાવાનો તલસ્પર્શી અભ્યાસ કરતા ફરીયાદીનો મૌખિક પુરાવો અને તેમણે રજુ કરેલ દસ્તાવેજી પુરાવો સ્પષ્ટ –પણે ફરીયાદપક્ષને સમર્થન કરે છે. પુનરાવર્તન ક્ષમ્ય ગણી ફરીથી એક વખત એ નોંધવુ જરુરી છે કે, તકરારી ચેક આરોપી દવારા મુળ ફરીયાદીને કાયદેસરના લેવડ – દેવડ અને જવાબદારી ચુકવવા માટે ફરીયાદીને આપવામાં આવેલ હતો. જે ચેક સમય મર્યાદામાં નાણા વસુલવા ફરીયાદપક્ષ દવારા રજુ કરવામાં આવેલ હતો તે ચેક જયારે બેંકમાં નાણા વસુલવા રજુ થયો ત્યારે આરોપીના ખાતામાં 'અપુરતા ભંડોળ'ના શેરા સાથે ચેક વણ ચુકવ્યો પરત થતા તેની જાણ ફરીયાદપક્ષને થતા ફરીયાદપક્ષે લેખીતમાં આરોપીને નોટીસ આપી જાણ કરેલ છે. તેમ છતા લેણી રકમ વસુલ આપેલ નથી જેથી સમય મર્યાદામાં ફરીયાદી દવારા ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. સદર હકીકત બાબતે ફરીયાદીની સરતપાસની આરોપી દવારા કોઈ ઉલટ કરવામાં આવેલ નથી કે કોઈ તકરાર લીધેલ નથી કે આરોપી દવારા કોઈ બચાવ કરવામાં આવેલ નથી.

૨૦. નામદાર સુપ્રિમ કોર્ટ અને નામદાર ગુજરાત હાઈકોર્ટ ના ચુકાદામાંના સિધ્ધાંતો મુજબ તેમજ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૧૮, ૧૩૮,૧૩૯ ના અનુમાનો અને તે મુજબના તત્વો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. તેવા સંજોગોમાં ફરીયાદ વાળો આંક– ૨૩નો તકરારી ચેક આ કામના આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા અને જવાબદારી વસુલ કરવા આપેલ હતો. જે ચેક પણ વણ ચુકવે પરત ફરેલ છે. કાયદાની જુની

જોગવાઈ મુજબ ચેક પરત ફર્યાના દિન-૧૫ માં ફરીયાદી ધ્વારા આરોપીને લેખિત નોટીસ આપવામાં આવેલ છે. જે નોટીસ આરોપીને ધોરણસરની બજી ગયેલ છે. જે નોટીસ બજવા છતા, આરોપીએ ફરીયાદીને ચેકમાં જણાવેલ રકમ ચુકવી આપેલ નથી. આથી દિન-૩૦ માં ફરીયાદીએ હાલની ફરીયાદ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે. આમ ફરીયાદપક્ષ ધ્વારા નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ -૧૩૮ ના તત્વો નિ:શંકપણે પુરવાર કરવામાં આવેલ હોવાનુ ન માનવા માટે આ અદાલત પાસે કોઈ કારણ નથી. ફરી એક વખત પુનરાવર્તન ક્ષમ્ય ગણી ફરી એ નોધવુ જરૂરી છે કે, આરોપી ધ્વારા કાયદેસરના લેણા અવેજ અને જવાબદારી અંગે ચેક આપવામાં આવેલ ન હતો તેવો કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ જે હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

૨૧. આ કામે ફરીયાદપક્ષનો કેસ અને આરોપી તરફે બચાવ ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદવાળો ચેક નિયત સમય મર્યાદામાં બેંકમાં રજુ કરવામાં આવેલ નથી કે આરોપીના ખાતામાં પુરતુ બેલેન્સ હતુ તેવો પણ કોઈ બચાવ લેવામાં આવેલ નથી એટલુ જ નહી. નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ-૧૩૮ની જોગવાઈ મુજબ આરોપીએ ફરીયાદીને આપેલ વાદાગ્રસ્ત ચેક વણચુકવ્યે પરત ફર્યા બાદ, ફરીયાદીએ આરોપીને ધોરણસરની નોટીસ આપેલ છે. જે નોટીસ આરોપીને બજી ગયેલ છે તેમ છતા, નિયત સમય મર્યાદામાં વાદાગ્રસ્ત ચેકની રકમ આરોપીએ ફરીયાદીને ચુકવી આપેલ નથી તેવી હકીકત ફરીયાદપક્ષે નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે.

૨૨. આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની ક.−૧૩૯ મુજબ ચેક કોઈપણ લેણાના કામે આપ્યો નથી અને કોઈ દેવુ નથી તે પુરાવો રજુ કરીને સાબિત કરવાનું હોય છે. એટલું જ નહીં ચેક કોઈ દેવા કે જવાબદારી માટે ઈસ્યુ કરવામાં આવેલ ન હતો તેવુ પુરવાર કરવાનો બોજો આરોપી ઉપર છે. માત્ર આક્ષેપ કે ઈન્કારથી આવો બોજો ફરીયાદી ઉપર ખસેડવા માટે પુરતો નથી. ટ્રાયલ દરમ્યાન સબળ પુરાવો આપી આવી હકીકત પુરવાર કરવાની હોય છે અને તો જ ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ અન્વયે આદેશાત્મક અનુમાનનું ખંડન કરવામાં આરોપી સફળ રહેલ છે તેમ માની શકાય. પુનરાવર્તન ક્ષમ્ય ગણી ફરી એક વખત એ નોંધવુ જરુરી છે કે, ફરીયાદવાળા ચેક ઉપર આરોપીની સહી નથી તેવો આરોપીનો બચાવ નથી. આરોપી જે ખાતુ નિભાવતા હતા તેજ ખાતાનો તકરારી ચેક છે, તેવા સંજોગોમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની જોગવાઈ ક.− ૨૦,૧૧૮, ૧૩૮,૧૩૯ના અનુમાનનું ખંડન કરવામાં આરોપી સ્પષ્ટપણે નિષ્ફળ ગયેલ છે .

૨૩. આમ ફરીયાદપક્ષ એવી હકીકત નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલ છે કે, આ કામના આરોપી ફરીયાદીને કાયદેસર રીતે અમલ કરાવી શકે અને ચેક આપ્યા તારીખે પુરતુ ભંડોળ ન હોવાનું જાણતા હોવા છતા આરોપીએ તેઓની સહી કરી તેઓના ખાતાનો ચેક કાયદેસરનુ દેવુ ચુકવણી પેટે આરોપી ધ્વારા નિભાવવામાં આવતા ખાતાનો વાદાગ્રસ્ત ચેક આપેલ હતો, જે ચેક ફરીયાદીએ નિયત સમય મર્યાદામાં વટાવવા સારૂ જમા કરાવતા, 'અપુરતા ભંડોળ' ના કારણે ચેક વગર સ્વીકાર્યે પરત ફરેલ છે. એટલુ જ નહી, સદર ચેક વગર

સ્વીકાર્યે પરત ફર્યા બાદ ફરીયાદી ધ્વારા નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ની જોગવાઈ મુજબ આરોપીને ધોરણસરની નોટીસ સમય મર્યાદામાં આપવામાં આવેલ છે અને આવી નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા, આરોપીએ નિયત સમય મર્યાદામાં ચેકની રકમ ચુકવી આપેલ નથી. આથી નિયત સમય મર્યાદામાં ફરીયાદી ધ્વારા હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. જેના બચાવમાં આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી. ત્યારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮,૧૩૮,૧૩૯ ના અનુમાનનુ ખંડન કરતો લેશમાત્ર પુરાવો આરોપીપક્ષ ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. તેવા સંજોગોમાં આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ હોવાનુ પુરવાર કરવામાં ફરીયાદીપક્ષ સફળ રહેલ છે. આથી મુદાનં.–૧ નો નિર્ણય હકારમાં ઠરાવુ છું.

૨૪. સદર કામે રેકર્ડ ધ્યાને લેતા આરોપીને તેઓ સામે અત્રેની અદાલતમાં કેસ ચાલે છે, તેની જાણ હોવા છતા મુદતે અદાલત સમક્ષ હાજર રહેતા નથી. ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે છે તેમજ ક્રિમીનલ પ્રોસીઝર કોડ કલમ–૩૫૩(૬) માં કરવામાં આવેલ જોગવાઈ મુજબ અદાલત આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરી શકે છે. Be you Ever So

High, Nut Law Is Above You', કાયદાથી પર કોઈ નથી. આરોપીને બચાવની તક આપવી જોઈએ અને આ જોગવાઈ તેને રક્ષણાત્મક જોગવાઈ તરીકે આપવામાં આવેલ છે. પરંત આરોપી ખાસ કરીને નેગોશિએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામાં તેનો હથીયાર તરીકે ઉપયોગ કરી કાયદાકીય પ્રક્રિયાને નિષ્ક્રિય અથવા તો શિથીલ બનાવવાનો પ્રયત્ન કરે છે. નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા Sharad Jethalal Salva vs State of Gujarat Cr. Mic.App.19862 of 2015 Dt.14/11/2016 માં નીચે મુજબ ઠરાવેલ છે.

Para 16: "if a person accused of an offence and convicted as such avoids arrest and avoids imprisonment as sentenced by the criminal court. Such an incident only makes the justice delivery system insignificant and renders justice ineffective. Legal justice requires that an offender convicted of a crime must suffer the imprisonment as otherwise there would be social anarchy. People would contravene the law with impunity without any attending punishment for violating the law. The very foundations of democracy and rule of law would be shaken and that is the reason why the courts strive to treat all persons before the criminal law as equal. Whether one is rich or poor, whether one is powerful or powerless, the criminal law is equally applied to all equally.

Para 17: "Be you ever so high, but the law is above you', is the signature theme of rule of law that loudly and silently (as well) echoes in the

Indian Constitutional context. The purpose of the Constitution itself is to equalise the men (and women) before the law. Equal protection of laws and equality before the law does not make any distinction between the Ruler and the ruled when it comes to enforcing the criminal sanctions. If a convict with money power as well as political power can avoid the punishment imposed by the highest Court of the State, the Court which imposed such punishment cannot be a mute spectator or dumb listener to be soothed by high calibre forensic oratory of the counsel at the altar of justice. The court must and ought to take a serious view of such bizarre incidence, be it one in million. Of course, the lawmakers and law enforcers must willingly assist the Court in angling the convict avoiding and dodging the lawmakers, the law enforcers and the law interpreters' (Judges and Courts).

ઉપરોકત ચુકાદાને વંચાણે લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ઠરાવેલ છે કે આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતાં આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની ગેર હાજરીમાં પણ કેસ ચાલી શકે છે.

૨૫. નામદાર ગુજરા હાઈકોર્ટ દવારા Special Criminal Application

no.4194/2014, Mukeshbhai Ishwarbhai Prajapati Vs. State of Gujarat ના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

Yet again in a recent pronouncement of the Supreme Court of India of Indian banks Association and others and Union of India and others (2014) 5 SCC 590, the Supreme Court reiterated the position of law explaining that under section 145 of the Act, the complainant can give his evidence by way of an affidavit and such affidavit shall be read in evidence in any enquiry trial and other proceeding in the Court, which makes it clear that complainant is not required to examine himself twice, i.e. one after filing the complaint and one after summoning of the accused. The court further explained that the affidavit and the documents filed by the complainant along with the complaint for summon in stage and the pose summoning stage. In other words, there is no necessity to recall and re-examine the complainant after summoning the accused, unless the Magistrate passes a specific order as to why the complainant is to be recalled. Such an order is to be passed on an application made by the accused or under section 145(2) of the act suo-motu by the court.

૨૬. **ક્રિમીનલ પ્રોસીજર કોડમાં કરવામાં આવેલ જોગવાઈ વંચાણે લેતા નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.** aSection 353 judgment

(7) No judgment delivered by any Criminal Court shall be deemed to be invalid by reason only of the absence of any party or his pleader on the day or from the place notified for the delivery

there of, or of any omission to serve, or defect in serving, on the parties or their pleaders, or any of them, the notice of such day and place.

Section 418. Execution of sentence of imprisonment

(1) Where the accused is sentenced to imprisonment for life or to imprisonment for a term in cases other than those provided for by section 413, the Court passing the sentence shall forthewith forward a warrant to the jail or other place in which he is, or is to be, confined and unless the accused is already confined in such jail or other place, shall forward him to such jail or other place, with the warrant:

Provided that where the accused is sentenced to imprisonment till the rising of the court,it shall not be necessary to prepare or forward a warrant to a jail, and the accused may be confined in such place as the Court may direct.

(2) Where the accused is not present in court when he is sentenced to such imprisonment as is mentioned in subsenction (1), the Court shall issue a warrant for his arrest for the purpose of forwarding him to the jail or other place in which he is to be confined; and in such case, the sentence shall commence on the date of his arrest.

ઉપરોકત જોગવાઈ વંચાણે લેતા આરોપીને પોતાની સામે કેસ ચાલે છે તેની જાણ છે ત્યારે આરોપીની અદાલત સમક્ષ હાજર થવાની ફરજ છે. તેમની સામેના પુરાવાનો ખુલાસો કરવા પુરતી તક આપેલ હોવા છતા આરોપી હાજર રહેલ ન હોય, તેવા સંજોગોમાં આરોપી કેસની કાર્યવાહીથી છટકવા અથવા જાણી જોઈને પોતે પોતાની સામેના કેસની કાર્યવાહીથી બચવા છુપાતો ફરતો હોય ત્યારે આરોપીની

ગેરહાજરીમાં પણ કેસ ચાલી શકે છે. તે હકીકતને ધ્યાને લઈ મુદા નં .–૨ અન્વયે ન્યાયનાહીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુ ક મ

આ કામના આરોપી **કોઠારી એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર દરજ્જે, કે.એન.કોઠારી,** મું. દિલ્હી દરવાજા, ૧૨૧/૧૨ છોટાલાલ ચાલી, અમદાવાદનાઓને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ –૧૩૮ અન્વયેના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે.

આરોપીને સજા કરતા પહેલા બંને પક્ષકારોને સાંભળવા ન્યાયોચીત જણાતું હોય, આરોપી સામેની ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ અન્વયે તકસીરવાન ઠરાવી સજા અંગે સાંભળવા મુલત્વી રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આજ તા. ૦૯ મી માહે–એપ્રીલ, સને ૨૦૨૬ નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૯/૦૪/૨૬ (શેખ મહંમદમકસુદ મહંમદઈકબાલ)
રાજકોટ. કોડ નં **GJ-01294**
૧૬માં, એડી.ચીફ.જયુ. મેજી.રાજકોટ.

:: સજા અંગે સાંભળ્યા બાદ હુકમ ::

આ કામે સજા બાબતે ફરીયાદપક્ષના વિ.વ.શ્રીને સાંભળ્યા, આ કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રીની રજુઆત છે કે, આરોપીએ ફરીયાદીને ચેકની રકમ જેટલુ નાણાંકીય વળતર આપવું જોઈએ અને આરોપીને પુરે પુરી કાયદાની જોગવાઈ મુજબની સજા તેમજ દંડ થવો જોઈએ.

હાલનો ગુન્હો વોરંટ ટ્રાયેબલ નથી તેમજ આરોપીને પુરતી તક

હોવા છતાં હાજર રહેલ નથી જેથી આરોપીને સાંભળેલ નથી.

ફરીયાદીની દલીલને ધ્યાને લેતા આ કામે આરોપી ધી નેગો.ઈન્સ્ટુ. એકટની કલમ–૧૩૮ અન્વયે તકસીરવાન ઠરેલ છે, ત્યારે સમાજમાં દિન પ્રતિદિન ચેક રીટર્નના કેસો વધતા જાય છે અને ગુનાઓમાં વધારો થતો જોવા મળે છે. નાણાંકીય વ્યવહારોની વિશ્વસનીયતા જળવાઈ રહે તે આવશ્યક જણાય છે. આવા સંજોગોમાં હવે જયારે આરોપીને સજા અંગેની વિચારણા કરવામાં આવે ત્યારે આરોપીને એટલી હળવી સજા કરવી ન જોઈએ કે જેથી આરોપીને તેની ગંભીરતા સમજાય નહીં. પરંતુ આરોપીને પોતાના કૃત્યનો અહેસાસ થાય તે રીતે સજા કરવી જોઈએ. આરોપીને માત્ર કેદની સજા ફરમાવવામાં આવે તો ફરીયાદીને ચેક વણચુકવાયેલ પરત ફરેલ હોય તેનાથી થયેલ નુકશાન ભરપાઈ થઈ શકે નહીં અને તેથી ફરીયાદીને યોગ્ય ન્યાય મળી શકેલ ગણી શકાય નહીં. વળી કાયદાના સ્થાપિત સિધ્ધાંત અનુસાર અદાલતને હાલના ગુના સબબ વધુમાં વધુ ચેકની રકમ કરતા બમણી રકમનો દંડ ફરમાવવાની સત્તા છે અને હાથ પરના કેસમાં ચેકની રકમ તથા રેકર્ડને ધ્યાને લેતા આરોપીએ ફરીયાદીની લેણી રકમ પૈકી કોઈ રકમ ચુકવી આપેલ નથી. આરોપી ફરીયાદીને વળતર તરીકે તરીકે યોગ્ય રકમ ચુકવવાનો જો હુકમ ફરમાવવામાં આવે તો ફરીયાદીને ચેકની રકમ ચુકવાયેલ ન હોવાથી થયેલ નુકશાનની નહીંવત જેવી ભરપાઈ થયા બરાબર ગણાય. જે સી.આર.પી.સી. ની કલમ–૩૫૭ ની જોગવાઈઓથી અહીં હાલના કેસમાં ફરીયાદપક્ષને વળતર મળે તેવો હુકમ થવો ન્યાયોચિત જણાય છે. જેથી ન્યાયનાહીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

::– હુ ક મ –::

આ કામના આરોપી **કોઠારી એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર દરજ્જે, કે.એન.કોઠારી,** મું. દિલ્હી દરવાજા, ૧૨૧/૧૨ છોટાલાલ ચાલી, અમદાવાદવાળાને ધી નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ – ૧૩૮ના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી ૬ માસ (છ) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

સી.આર.પી.સી. કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ ચેકની રકમ પેટે રુા. **રૂા. ૫૩,૬૨૬/–**(એંક રૂપીયા ત્રેપન્ન હજાર છસો છવીસ પુરા)નું વળતર ફરીયાદીને આરોપીએ ચુકવી આપવુ તેવો હુકમ કરવામાં આવે છે. આરોપી વળતરની રકમ ફરીયાદીને ચુકવવામાં કસુર કરે તો આરોપીએ વધુ ૧ (એક) માસની સાદી કેદની સજા ભોગવવી તેવો હુકમ કરવામાં આવે છે.

સી.આર.પી.સી. કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં ચુકાદો જાહેર કરવામાં આવે છે. અને આરોપી હાજર રહેલ ન હોય આરોપી સામે સજા અંગેનું વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩(૧) મુજબ વિનામુલ્યે આરોપીને આ હુકમની એક નકલ આપવી.

આજ તારીખ ૦૯મી, માહે–એપ્રીલ, સને–૨૦૨૬નાં રોજ હુકમ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ : ૦૯/૦૪/૨૦૨૬

(મોહંમદમકસુદ મોહંમદઈકબાલ શેખ)
૧૬માં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
(UIC-GJ01294)